ક્રમાંકઃ– જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૦૫
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. ૬ /૫/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ– નિગમની વસાહતમાં સુવિધાના હેતુસર પેટ્રોલ પંપને પેટાભાડે આપવા બાબતની નીતિ.
સંદર્ભઃ– (૧) નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક–૩૬/વિતરણ/ ૪૭૮/૨૦૧૫.

નિગમ ધ્વારા વસાહતની સ્થાપના હેતુ જમીન ગુમાવનાર ખેડુતને નિગમની લેન્ડલુઝરને પ્લોટની ફાળવણીની નીતિ અંતર્ગત ઔદ્યોગિક પ્લોટની ફાળવણી કરવામાં આવેલ હોય અને આવા લેન્ડલુઝર ફાળવણીદાર પોતાને ફાળવવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટ ઉપર પેટ્રોલ પંપ, સીએનજી સ્ટેશન, ફયુલ– સ્ટીમ સ્ટેશનની સ્થાપના કરવા માંગતા હોય તો તેવા કિસ્સામાં નીચે મુજબની શરતોને આધિન ગુણ–દોષના આધારે મંજુરી આપી શકાશે.

(૧) લેન્ડલુઝર પોતાને ફાળવેલ ફકત વપરાશી ઔદ્યોગિક પ્લોટ ઉપર પોતાની માલિકીના પેટ્રોલ પંપની સ્થાપના કરવા માંગતા હોય.

અથવા

લેન્ડલુઝરને ફાળવવામાં આવેલ વપરાશી ઔદ્યોગિક પ્લોટ ઉપર પેટ્રોલ કંપનીઓ જેવીકે બી.પી.સી.એલ., આઈ.ઓ.સી., એચ.પી., આર.આઈ.એલ., એસ્સાર તેમજ શેલ જેવી કંપનીઓ પોતાના ધ્વારા સંચાલિત પંપની સ્થાપના કરવા માંગતી હોય તો તેવા કિસ્સામાં, નિગમના લેન્ડલુઝર ફાળવણીદારને પોતાનો વપરાશી ઔદ્યોગિક પ્લોટ આવી પેટ્રોલ કંપનીને નિગમની સબલેટીંગ/પેટાભાડે આપવાની નીતિ અંતર્ગત જરૂરી સબલેટીંગ ચાર્જીસ જે તે વસાહતનાં પ્રવર્તમાન વાણિજય દરે વસુલ કરી આવા સબલેટીંગ/પેટાભાડે આપવાની મંજુરી આપવાની રહેશે.

(૨) સદર મંજુરી આપતા સમયે પ્રવર્તમાન વાણિજય દર અને વિતરણ સમયે વસુલ કરેલ દરના તફાવતની રકમ પણ વસુલવાની રહેશે.

(૩) પેટાભાડા માટે આપવામાં આવતા વિસ્તાર પેટે તે વિસ્તારની પ્રવર્તમાન વાણિજય કિંમત (ઔદ્યોગિક દરના બમણા અથવા રહેણાંક દરના દોડા એ બન્નેમાંથી જે વધુ હોય તે મુજબ) ની

રકમ પેટાભાડા માટે તળીયાની કિંમત તરીકે ગણવાની રહેશે અને તેના ઉપર વાર્ષિક ૩% લેખે પાંચ વર્ષની થતી રકમ એકી સાથે વસુલ મેળવવાની રહેશે.

(૪) પેટાભાડે આપવામાં આવનાર વિસ્તાર માટે પેટ્રાલ કંપની ધ્વારા જો ૩૦ વર્ષ અથવા તેથી વધુ સમયગાળો કરાર તરીકે માન્ય ગણેલ હોય તેવા સંજોગોમાં તે અંગેની મંજુરી વડી કચેરી ધ્વારા આપવાની રહેશે અને ક્ષેત્રિય કચેરીએ આ સમયગાળાના દરેક પાંચ વર્ષના સમયગાળા માટે તે પાંચ વર્ષની શરૂઆતના મહિનામાં પુરેપુરા પાંચ વર્ષ માટે થતી પેટાભાડાની રકમ જે તે સમયના પ્રવર્તમાન વાણિજય કિંમત પેટે (ઔદ્યોગિક દરના બમણા અથવા રહેણાંક દરના દોઢા એ બન્નેમાંથી જે વધુ હોય તે મુજબ) ની રકમ પેટાભાડા માટે તળીયાની કિંમત તરીકે ગણવાની રહેશે અને તેના ઉપર પ્રતિ વર્ષ ૩% લેખે અથવા નિગમ તેમાં જે તે સમયે સુધારો કરે તો તે પ્રમાણેની રકમ જે તે ફાળવણીદાર પાસેથી પાંચ વર્ષની રકમ એકી સાથે વસુલ કરવાની રહેશે. આવુ દરેક પાંચ વર્ષની શરૂઆતના પ્રથમ મહિનામાં કરવાનું રહેશે.

(૫) ઉપરોકત ઔદ્યોગિક પ્લોટમાં જો મોખરાનો ચાર્જ પણ લાગુ થતો હોય તો તેની રકમ પણ વસુલ લેવાની રહેશે. આ બન્ને ભેગી રકમના ૩% લેખે ઉપરોકત મુજબ પાંચ વર્ષની ભેગી રકમ દર પાંચ વર્ષની શરૂઆતના પ્રથમ મહિનામાં વસુલ લેવાની રહેશે.

(૬) પેટાભાડે અપાયેલ મિલ્કતનો સમયગાળો પૂર્ણ થતા મિલ્કતનો કબજો પુનઃ મૂળ ફાળવણીદારને પેટાભાડે મિલ્કત લેનાર ધ્વારા પરત કરવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં પેટાભાડે લેનાર ધ્વારા પેટાભાડે લેવાયેલ મિલ્કતની તબદિલી અંગે કોઈપણ કાર્યવાહી સ્વીકારવાની રહેશે નહી.

(૭) ક્ષેત્રિય કચેરી ધ્વારા પેટાભાડે અપાયેલ મિલ્કત પેટ્રોલપંપ સિવાય અન્ય કોઈ કાર્ય માટે વપરાતી નથી તે બાબતે ચોકસાઈ રાખવાની રહેશે અને અન્ય કોઈ વાણિજય ઉપયોગ થતો હોય તો તે અટકાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) પેટાભાડે આપતી વખતે સલામતી અંગેની તમામ બાબતો અંગે ફાળવણીદાર તથા કંપની બન્નેએ આ બાબતની બાંહેધરી નિગમને આપવાની રહેશે.

(૯) પેટ્રોલપંપને પેટાભાડાના કરારની સમય મર્યાદા કરતા વધારેની મંજુરી ઉપરોકત કિસ્સાઓમાં આપવાની રહેશે નહીં.

આવા તમામ કિસ્સાઓમાં મંજુરી આપવાની સત્તા નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું
5/5
કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).